**ક્રિમીનલ કેસ નં. ૯૨૫/૨૦૨૪**

**<u>-:: ઠરાવ ::-</u>**

ફરીયાદ પક્ષનાં કેસનાં તપાસ કરનાર અમલદારે તપાસનાં અંતે આરોપી વિરુધ્ધ ઉપરોકત ગુના અંગે ચાર્જશીટ રજુ કરેલ છે. ત્યારબાદ આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતાં તેઓને પોલીસ તપાસનાં કાગળોની નકલો વિનામુલ્યે મળ્યાની ખાત્રી કર્યા બાદ આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ ગુન્હાની કબુલાત કરેલ હોય અને તેઓને ગુન્હો કર્યા બદલ પસ્તાવો થતો હોય સ્વેચ્છીક રીતે રાજીખુશીથી ગુન્હાની કબુલાત પુરશીશ રજુ કરેલ છે. તેમજ તેઓને ઓછામાં ઓછી સજા અથવા દંડ કરવા માટે પોતાને પુરતા અને વ્યાજબી કારણ હોવાનું જણાવેલ છે. આરોપીને તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવાં છતાં અને સમજાવવા છતાં પણ સ્વેચ્છીક રીતે ગુન્હો કબુલ કરતા હોય તેઓની કબુલાત પુરસીસ કામમાં દાખલ કરવામાં આવી. આરોપી સામે **પ્રોહિબિશન એકટની કલમ-૬૬(૧)(બી)** મુજબનાં ગુન્હાનું તહોમત છે. તેમજ આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતાં તેમાં જણાવેલ કારણો ધ્યાને લેતાં આરોપી ગરીબ/મધ્યમ વર્ગનો માણસ હોવાનું જણાય છે. તેમજ કુટુંબમાં એકમાત્ર કમાનાર સભ્ય છે, તેમજ બાળ-બચ્ચાવાળો માણસ છે. તેઓની ગરીબ સ્થિતિને ધ્યાને લેતાં તથા તેઓ ગુન્હો કર્યાનો અફસોસ વ્યકત કરતા હોય અને ભવિષ્યમાં બીજો ગુન્હો નહિ કરવાની ખાત્રી આપતા હોય, તેમજ તેઓનો આ પ્રથમ ગુન્હો હોવાનું જણાય આવે છે. નામદાર ગુજરાત હાઈકોર્ટે **<u>૨૦૦૫(૧), જી. એલ. આર. ૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરીચંદ ઠાકોર</u>** નાં કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપીત કરેલો છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સતા છે. ઉપરોકત ચુકાદો આરોપીનાં કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે. જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો આરોપી સમાજમાં માન-મોભા ભર્યા સ્થાનથી જીવી શકે તેવા પ્રયત્ન કરી શકે તેમ છે. તે સંજોગોમાં ઓછામાં ઓછી સજા અને દંડ કરવો ન્યાયોચીત માની કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા કરવા માટેનાં વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. તેથી ઓછામાં ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેવું અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે. જે વિશિષ્ટ સંજોગો ધ્યાને લઈ ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>-:: આખરી હુકમ ::-</u>**

આ કામનાં આરોપી **બીપીનજતી મોહનજતી ગૌસ્વામી,** રહે. **આંબેચા,** તા. માળીયા હાટીના વાળાને પ્રોહિબિશન એકટની કલમ-૬૬(૧)(બી) મુજબનાં ગુનામાં તકસીરવાન ઠરાવી દિન-૦૧ (એક) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ સદર સજા મજકુર આરોપીને જેલમાં ભોગવેલ દિવસો સાથે મજરે આપવી.

સદર હુકમ મુજબ મજકુર આરોપીનું સજા વોરંટ તૈયાર કરીને જેલ યાદી કરવી.

આ હુકમ આજ રોજ તા.૧૪મી માહે : માર્ચ સને : ૨૦૨૬ નાં રોજ સ્પેશીયલ સીટીંગમાં ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૪/૦૩/૨૦૨૬.
સ્થળ : માળીયા હાટીના.

(બી. વી. ગોહિલ )
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
માળીયા હાટીના. ( જજ કોડ નં.જીજે-૦૧૪૫૬)